# મહાલય શ્રાદ્ધનું પારિવારિક મહત્ત્વ અને લાભ


ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

મહાલય શ્રાદ્ધ તિથિનું એક બીજું મહત્ત્વ છે. મહાલય શ્રાદ્ધ પર્વની દરેક તિથિ શ્રેષ્ઠ અને મહા દોષનાશ તિથિ છે. તે તિથિએ શ્રાદ્ધ કરવું મૃત વ્યક્તિ માટે મુક્તિ માર્ગની વ્યવસ્થા કરી શકે છે. મહાલય શ્રાદ્ધવિધિ પિતૃવ્રત તરીકે ગણાય છે. ભાદ્રપદ વદ એકમથી ભાદ્રપદ વદ અમાસ સુધીનો કાળ મહાલય શ્રાદ્ધ વિધિનો મુખ્ય પ્રધાન કાળ હોય છે પણ મહાલય શ્રાદ્ધનો કાળ તો સૂર્ય વૃશ્ચિક રાશિમાં જાય ત્યાં સુધીનો હોય છે. તે ગૌણ કાળ કહેવામાં આવે છે પણ એ દિવસોમાં પણ શ્રાદ્ધવિધિ કરી શકાય છે. તેનું ફળ મહાલય શ્રાદ્ધ જેવું જ પ્રાપ્ત થાય છે.

આ વદપક્ષમાં ભરણી તથા મઘા નક્ષત્ર પર કરેલ મહાલય શ્રાદ્ધ કરવાથી પિતૃઓને ચારધામ મહાયાત્રાનું પુણ્ય મળે છે. જેમણે જીવનમાં જીવિત અવસ્થામાં યાત્રા ન કરી હોય તે મૃતાત્માને ભરણી અને મઘા નક્ષત્ર પર કરવામાં આવેલ શ્રાદ્ધવિધિથી મહાયાત્રાનું પુણ્ય પ્રદાન થાય છે અને શ્રાદ્ધ કરનારો પણ પુણ્યનો ભાગીદાર બને છે.

નવમ્ તિથિમાં જે શ્રાદ્ધવિધિ થાય છે ત્યારે આ તિથિ અવિધવાનોમ તરીકે હોય છે. પરિવારમાં જે પણ સુહાગન અવસાન પામ્યા હોય તેમને ઉત્તમ ગતિ મળે છે અને તે મૃત સુહાગન બેનના આશીર્વાદ પરિવારને સુખ આપે છે. બારસનું શ્રાદ્ધ કરવાથી પરિવારમાં જો કોઇ સંન્યાસી બનેલ અવસાન પામ્યા હોય તો આપણા વંશમાંના મૃત સંન્યાસી પિતૃઓને સદ્દગતિ પ્રાપ્ત થાય છે અને પરિવારમાં વિદ્વત્તા અને જ્ઞાન વધે છે.

વાહન અને પ્રવાસમાં આપઘાતી મરણ, શસ્ત્ર વાગવાથી અવસાન, અગ્નિમાં આગથી મરણ, પાણીમાં ડૂબવાથી મરણ, ખૂન થવાથી મરણ, આત્મહત્યાથી



અવસાન, ફાંસીની સજાથી મૃત્યુ કે અન્ય રીતે આકસ્મિક પ્રાણત્યાગથી જે પણ કોઇ સગાંવહાલાં મૃત્યુ પામ્યાં હોય તેમના માટે ચૌદસની તિથિનું મહાલય શ્રાદ્ધ સદ્દગતિપ્રદ નીવડે છે.

કોઇ વ્યક્તિ ઘર છોડીને જાય, સેનામાં ભરતી થાય અને એ અવસાન પામ્યો છે એમ ખબર મળે તો તેની તિથિની ખબર જ ના હોય પણ મહાલય શ્રાદ્ધપર્વમાં કોઇ પણ તિથિએ તેનું શ્રાદ્ધ કરી શકાય છે. વિધિમાં મૃત વ્યક્તિના ગોત્ર અને નામનો ઉલ્લેખ અવશ્ય કરવો. ગોત્રનું નામ યાદ ન હોય તો 'કશ્યપ' ગોત્રનો ઉલ્લેખ પણ શ્રાદ્ધવિધિમાં માન્ય છે.

આપનો ઘનિષ્ટ મિત્ર, અથવા કોઇ નિપુત્રીક વ્યક્તિ કે નિરાધાર વ્યક્તિ કે જેના વિશે સહાનુભૂતિ છે એવી કોઇ પણ વ્યક્તિના અન્તેષ્ટી વિધિ, શ્રાદ્ધવિધિ કોઇ પણ વ્યક્તિ કરી શકે છે. માતાપિતાની શ્રાદ્ધવિધિમાં પરિવાર પ્રમુખ કોઇ કારણસર હાજર ન હોય તો તેમનો દીકરો કે પત્ની પણ શ્રાદ્ધવિધિ કરી શકે છે. કોઈનું પણ શ્રાદ્ધ એટલે અવસાન પામેલી વ્યક્તિનું શ્રાદ્ધ કોઇ પણ સગાંસંબંધી લાગણીથી કરી શકે છે. શ્રાદ્ધવિધિ શ્રદ્ધાનો વિષય છે. તો શ્રદ્ધા સાથે કરેલું શ્રાદ્ધ મૃત આત્માને સંતુષ્ટ કરે છે અને શ્રાદ્ધ કરનારને તેનું ઉત્તમ ફળ મળે છે.

ભાદ્રપદ વદ પખવાડિયામાં મહાલય શ્રાદ્ધવિધિ પિતૃપૂજાત્મક વ્રત છે. તે પારિવારિક સુખની દષ્ટિએ ઘણું જ લાભદાયક છે. જે પરિવારમાં મહાલય શ્રાદ્ધવિધિ સંપન્ન થાય છે તે પરિવારમાં પિતૃદેવતાઓની પૂર્ણ કૃપા થતી હોવાથી અદ્રષ્ટજનિત, અનાકલ્પનીય સંકટો નષ્ટ થવામાં પિતૃદેવતાઓનું સાદાસ્ય કામ આવે છે.

**વદ પક્ષમાં ભરણી તથા મઘા નક્ષત્ર પર મહાલય શ્રાદ્ધ કરવાથી પિતૃઓને ચારધામ મહાયાત્રાનું પુણ્ય મળે છે**

ભાદ્રપદ વદ પક્ષમાં જો રોજ મહાલય શ્રાદ્ધ કરતા ન ફાવે, તો રોજ ફક્ત તલમિશ્રિત પાણીથી તર્પણ વિધિ કરવાથી શ્રાદ્ધ કરવાનું ફળ નિશ્ચિત મળે છે.

મહાલય શ્રાદ્ધવિધિ પુરોહિતને બોલાવી સપિંડ શ્રાદ્ધ કરવાનું હોય છે. તે શક્ય ના હોય તો કોઈ સગાંસંબંધી મિત્રને ભોજનાર્થે આમંત્રણ આપીને ભોજનવિધિ કરી શકાય છે. તે પણ શક્ય ન બને તો બ્રાહ્મણને કોરો શિધો(જેમાં લોટ, ચોખા, દાળ, ઘી, મીઠું, એકાદ ફળ, કોઇ શાકભાજી, કંદ વગેરે) બાંધી આપવો.

કોઈનું પણ અવસાન પછી અન્ત્યવિધિ, દસમો-બારમો, તેરમો દિવસ માસિક અને વાર્ષિક શ્રાદ્ધવિધિનું બહુ મહત્ત્વ છે. આ વિધિવિધાન આપણા શાસ્ત્રમાં સમાવિષ્ટ છે, જેને મહત્ત્વ આપીને શ્રાદ્ધવિધિ કરવી એ કર્તવ્ય છે. તો આપણા જે પુરોહિત હશે તેમને પૂછીને શ્રાદ્ધવિધિ કરવાથી પરિવારમાં સંતોષ, લાગણી, સુખ, વૈભવ સમાધાન પ્રવિષ્ટ થાય છે. પિતૃવે નમઃ

# નવરાત્રિ- સાધના માટેની ઉત્તમ તક

પંચામૃત
નીલાક્ષી પરીખ

'સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે.'

ચૈત્રી નવરાત્રિ અને અશ્વિન નવરાત્રિ એટલે કે શારદીય નવરાત્રિ બંનેનું વિશેષ મહત્ત્વ છે. આ એ સમય છે જ્યારે ઋતુઓનું પરિવર્તન સ્પષ્ટરૂપે આપણી સમક્ષ આવે છે. જેમ ઉત્તરાયણ અને દક્ષિણાયન બે અયન છે એમ જ નવરાત્રિ છે. પણ 2 ગુપ્ત નવરાત્રિ છે. 2 નવરાત્રિ શારદીય અને ચૈત્રીનો સમય વિશેષ મહત્ત્વપૂર્ણ છે.

શારદીય નવરાત્રિમાં ધીરે-ધીરે દિવસ ઠંડો થવાની શરૂઆત થાય છે. ચૈત્રી નવરાત્રિથી દિવસ ધીરે-ધીરે ગરમી પકડતો જાય છે. આ શરદી-ગરમી જીવન માટે જરૂરી છે એને સહેવાથી શરીર મજબૂત બને છે. વચ્ચે વર્ષા થાય એ નવજીવન આપનારી છે. ચૈત્રી નવરાત્રિ, પ્રતિપદાથી તો આપણું નવ સંવત્સર પણ શરૂ થાય છે. મારે વાત કરવી છે શારદીય નવરાત્રિની. ભારત અને ભારતની બહાર વસનારા સનાતન ધર્માવલંબી પરામ્બા ભગવતીની આરાધનાના આ દિવસોમાં... ગુજરાતમાં પણ શારદીય નવરાત્રિ ઉત્સવ ખૂબ મોટા સ્તર પર ઉજવાય છે. અહીંયાની નવરાત્રિ ઉત્સવનું, એક સાંસ્કૃતિક પક્ષનું પોતાનું સૌંદર્ય, પોતાનું આકર્ષણ છે, પોતાનો આનંદ છે પણ આધ્યાત્મિક પક્ષની ઉપેક્ષા ન થવી જોઈએ. પરામ્બા ભગવતીની આરાધનાનું આ પર્વ છે. જે કંઈ શક્તિ, જે કંઈ સામર્થ્ય આપણે પ્રાપ્ત કર્યું હોય એ મા ભગવતીની કૃપાનું જ પરિણામ છે માટે સૃષ્ટિ સ્વરૂપા મા ભગવતીની એ શક્તિ, સંપત્તિ, સામર્થ્ય ઉપયોગી બને તો જ મા ભગવતીની કૃપાની પ્રાપ્તિ થાય. મા સર્વ મંગલાય છે. જે મા કરૂણામયી, દુર્ગા, શિવા છે એ જ મા ચંડ-મુંડ માટે ચંડી પણ બને. જો એ શક્તિના સ્વામી બનવાની ચેષ્ટા કરે, એવી વૃત્તિ કોઈની ભીતર આવે તો એ જ શક્તિ ચંડી બની અસુરોનો વધ પણ કરે. ભગવતીને જગન્માતા માની ભક્તિભાવથી આરાધના કરીએ, પ્રાર્થના કરીએ કે સર્વરૂપે તું જ છે. તો મા આપણી રક્ષા કરે, સર્વ પ્રકારે આપણું કલ્યાણ કરે. નવરાત્રિના આધ્યાત્મિક



પક્ષનું મહત્ત્વ સમજીએ. આ શ્રેષ્ઠ સમય છે ભગવતીની ઉપાસનાનો. આ દિવસોમાં સાધના, આરાધના, અનુષ્ઠાન કરીએ. સપ્તશતીનો પાઠ, 9 દિવસ મા ભગવતીનું આરાધન, 9 દિવસ પર્યંત રામચરિત માનસ પાઠ, ગાયત્રી અથવા ઈષ્ટમંત્ર જાપ એ બધું ખૂબ કલ્યાણકારી છે. શારદીય નવરાત્રિના આ પુનિત પર્વ પર આપણે આપણા હૃદયને શુદ્ધ અને ચિત્તને વિશુધ્ધ કરવાનું અનુષ્ઠાન કરવું જોઈએ. આપણે મા ભગવતી પાસે બે વરદાન માંગવા જોઈએ. (1) શીલ (2) સંતોષ. આ બે વસ્તુઓ જો મનુષ્યના જીવનમાં હશે તો ક્યારેય દુઃખી નહી થાય. શીલ અને સંતોષરૂપી ફળ જીવન વૃક્ષ પર ત્યારે જ આવશે જ્યારે સદવિચારોનાં મૂળ અંદર સુધી ફેલાયેલાં હશે અને સદવિચારનાં મૂળ ત્યારે જ ફેલાશે જ્યારે જીવનરૂપી વૃક્ષને ઉચિત માત્રામાં ખાતર અને પાણી મળે. ખાતર ક્યું? પુણ્યરૂપી ખાતર અને પાણી ક્યું? સત્યરૂપી જળ. જેના જીવનમાં સંતોષ છે તે જ મનુષ્ય દુનિયામાં સૌથી વધારે ધનવાન છે. તો દરિદ્ર કોણ? જેની તૃષ્ણા વિશાળ છે એ શારદીય નવરાત્રિ રૂપી અનુષ્ઠાનના જ્ઞાનરૂપી અગ્નિમાં આપણે આપણી બધી તૃષ્ણાઓ, બૂરાઈઓ અને દોષોની આહુતિ આપીએ અને જ્ઞાન-યજ્ઞના માધ્યમથી આપણી જાતને વિશુધ્ધ કરીએ.

**જેના જીવનમાં સંતોષ છે તે જ મનુષ્ય દુનિયામાં સૌથી વધારે ધનવાન છે**

આપણે દુર્ગા માના પૂજક છીએ, શક્તિની પૂજા કરીએ છીએ જે વાઘ પર સવારી કરે છે. વાઘ પર સવારી કરવી બધાનું ગજું નથી અદમ્ય સાહસનું કામ છે. વળી એ શક્તિની અષ્ટભુજા છે. 4 હાથ આ તરફ છે તો 4 હાથ પેલી તરફ છે. જાણો છો દેવી માની 8 ભુજાઓનું રહસ્ય શું છે? જુઓ, સમાજનાં આ જે 4 વર્ણ છે- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર- 2 બ્રાહ્મણની ભુજા, 2 ભુજા ક્ષત્રિયની, 2 ભુજા વૈશ્યની અને 2 ભુજા શુદ્રની એટલે થઈ 8. અષ્ટ ભુજા- આ બધી ભુજાઓ જો મળી જાય તો એની એકતાથી જે શક્તિ બને છે તે જ દુર્ગા છે, તે જ મહિષાસુર મર્દિની છે. આ એકતાની શક્તિથી મા દુર્ગાનું રૂપ નિખરી રહ્યું છે! કોમવાદનો મહિષાસુર ત્યારે જ મરશે જ્યારે એકતા દ્વારા આવી શક્તિનું નિર્માણ થશે. એટલે જ તો કહીએ છીએ ને- સંઘે શક્તિઃ કલિયુગે' એકતામાં જ શક્તિ છે. એકતાની આ શક્તિનું નામ જ દુર્ગા છે. એ દેવીની પૂજા થવી જોઈએ.

એક વાત એ પણ છે કે કોઈ પણ વ્યક્તિ સ્ત્રી હોય કે પુરુષ, મા વગર સારી રીતે ઊછરી શકતો નથી. નવરાત્રિ ઉત્સવની પરંપરાએ દુનિયા સમક્ષ માતા પ્રત્યેનો આપણો પ્રેમ, સન્માન અને વિશ્વાસને તહેવારના રૂપમાં પ્રસ્તુત કર્યો છે. નવરાત્રિનું પર્વ ફક્ત શક્તિપૂજાનો તહેવાર ન બની રહેતા, જેમણે રાક્ષસોનો નાશ કર્યો છે તે દુર્ગામાતા અને સમગ્ર સંસારની માતૃશક્તિ માટે સન્માનનીય તહેવાર છે. સ્તુતિ છે-

'યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ'

અર્થાત્ દિવ્ય દેવી જે સાર્વભૌમિકરૂપે માના રૂપમાં વિશ્વમાં વ્યાપ્ત છે તેને અમે કોટિ-કોટિ નમન કરીએ છીએ. દીવડા સાથે ગરબાનું મહત્ત્વ એટલા માટે છે કે દીવડો જ્યોતિ સ્વરૂપ દેવી શક્તિનું પ્રતીક છે. ભારતીય સંસ્કૃતિ કૃષિપ્રધાન છે માટે આસો માસમાં નવા તૈયાર થયેલા અનાજનો આનંદ પ્રગટ કરવા પ્રથમ દિવસે માતાજીના સ્થાનમાં ઘટ સ્થાપન કરી આસપાસ નવા અનાજના જવારા ઉગાડાય છે. 9 દિવસ ઘટનું પૂજન થાય ને દશેરાના દિવસે જવારાનું જળાશયમાં વિસર્જન કરાય.

આપણાં શાસ્ત્રોમાં શક્તિના વિવિધ રૂપોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં શક્તિ માટેનું એક વિશેષણ છે- 'ઈચ્છા શક્તિ.' પૃથ્વી પર અનેક પ્રાણીઓ વસે છે, શ્વસે છે પરંતુ તેમાં મનુષ્ય એક એવું પ્રાણી છે કે જે ઘણી બાબતોમાં અન્ય પ્રાણીઓ કરતાં જુદું પડે છે. ઈચ્છાઓ અનેક પ્રકારની હોય છે. જીવન પ્રભુએ રચેલુ કાવ્ય છે એને પ્રેમથી ગાઈએ, બીજાને બને એટલું સુખ આપીએ, બધાનું ભલુ કરીએ.

**'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ**
સર્વે ભદ્રાણિ પરચન્તુ મા કશ્ચિદ દુઃખ ભાગ ભવેત્'

અંતે સહુ ભાવિક ભક્તજનોને નવરાત્રિની ખૂબ-ખૂબ શુભકામના- આપ સૌને આધ્યાત્મિક ઉન્નતિની શુભકામના. જ્યાં છીએ ત્યાંથી આધ્યાત્મિક રૂપમાં આગળ વધીએ, જીવનને ઉન્નત બનાવીએ એ જ પરામ્બા ભગવતી કરૂણામયી મા અને ભગવાન શ્રી હરિના ચરણકમળમાં પ્રાર્થના.

(પૂ. રમેશભાઈ ઓઝા
(પૂ.ભાઈશ્રી) ના સત્સંગને આધારે)